



(તસવીર : ચેતન રામી, પાટણ)



સમગ્ર દેશમાં આજે યુવાનો રોજગારી મેળવવા તત્પર બન્યા છે. સામાન્ય વર્ગ-૩ અને ૪ ની સરકારી જાહેરાતો પડતાં જ લાખોની સંખ્યામાં યુવાનો ભરતી થવા માટે ફોર્મ ભરે છે. ખર્ચ કરે છે અને આકરી મહેનત બાદ પરીણામ મળે છે માત્ર ૧૧ માસનાં કરાર આધારીત એક લટકતી તલવાર સમાન નોકરી. ત્યારે જો કાયમી નોકરી, ગૌરવવાળી નોકરી અને તેમાં પણ દેશસેવા કરવાનું સૌભાગ્ય મળે તો ગુજરાતના યુવાનો શું કામ પાછા રહે ? ત્યારે આજે પાટણ યુનિવર્સિટી કેમ્પસમાં શરૂ થયેલા ભારતીય સેનાના ભરતી મેળામાં રોજગારીની સાથે દેશસેવાનો મોકો ઝડપવા યુવાનોએ કતારો લગાવી દીધી છે અને ખરેખર માનવ મહેરામણ ઉમટ્યું હોય તેવો માહોલ સર્જાયો છે. કહેવાય છે કે ગુજરાતીઓ સુરાતનમાં પાછા પડે છે અને વેપારમાં આગળ... પરંતુ આજથી શરૂ થયેલા ભારતીય સેનાના ભરતી મેળામાં જે રીતે યુવાનો ઉમટ્યા એ જોઈ ખુદ લશ્કરના ભરતીની જવાબદારી સંભાળતા કર્નલ રાહુલસિંહા જ બોલી ઉઠ્યા કે નહીં... ગુજરાતમાં તાકાત છે. તેમને આખા દેશમાં ભરતીની પ્રક્રિયા જોઈએ છે. તાજેતરમાં જ મહારાષ્ટ્રમાં થયેલા ભરતી મેળામાં જે યુવાનોનો ઉત્સાહ જોવા મળ્યો તેના કરતા ઘણો વધારે ઉત્સાહ ગુજરાતની ઐતિહાસિક રાજધાની પાટણમાં જોઈ આનંદ સાથે કહ્યું કે નહીં... ગુજરાતીઓ આગળ છે. આજે પ્રથમ દિવસે જ આણંદ, વલસાડ, ડાંગ, સુરત, તાપી, નવસારી, ખેડા જિલ્લાના અને કેન્દ્ર શાસિક પ્રદેશ દાદરા અને નગર હવેલી તથા દમણ વિસ્તારના પાંચ હજારથી વધારે યુવાનો જોડાયા હતા.

## ખેડબ્રહ્મામાં વિવિધ સ્થળોએ ધ્વજવંદનાના કાર્યક્રમ યોજાયા

ખેડબ્રહ્મામાં ૬૫માં પ્રજાસત્તાક દિની દબદબાભેર ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શાળાઓ, કોલેજો, પંચાયત અને મામલતદાર કચેરીમાં ધ્વજવંદનના કાર્યક્રમો યોજાયા હતા. જે અંતર્ગત બ્રહ્માજી ચોકમાં નગરપાલિકાની કારોબારીના ચેરમેન અરવિંદભાઈ ઠક્કર, તાલુકા પંચાયત કચેરીમાં પ્રમુખ ભોજાભાઈ મકવાણા, મામલતદાર કચેરીમાં નાયબ મામલતદાર પી.બી. જોષી, ભાનુભાઈ જોષીએ ધ્વજવંદન કરાવ્યું હતું. આ ૬૫માં પ્રજાસત્તાક દિનની ઉજવણીમાં સમગ્ર શહેરના અબાલવૃદ્ધ હર્ષોલ્લાસ સાથે જોડાયા હતા. રાષ્ટ્રીય પર્વને લઈ શહેરના સરકારી તથા ખાનગી મકાનો ઉપર રોશની કરવામાં આવી હતી.



(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

## સાબરકાંઠામાં ગ્રામ્ય કક્ષાએ મફત કાનૂની સહાય કેન્દ્રનો શુભારંભ

હિંમતનગર, તા. ૨૮

નેશનલ લીગલ સર્વિસીઝ ઓથોરીટી (લીગલ એઈડ ક્લીનીક) યોજના-૨૦૧૦ અન્વયે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, સાબરકાંઠા, હિંમતનગરના માર્ગદર્શન હેઠળ સંબંધિત તાલુકા કાનૂની સેવા સમિતિ હસ્તકના ગામડાઓમાં વસતા સમાજના તમામ વર્ગના લોકોને ઘર આંગણે મફત તથા સક્ષમ કાનૂની સલાહ તથા સહાય મળી રહે તેવું આયોજન કરવામાં આવ્યું છે.

આ શુભ આશયથી વિરાવાડા, ગાજણ, વદરાડ, લાલપુર, આગીયા, મઉ, ગાબડ, રણાસણ, ઈટાવટી, વાસણા ગામમાં ગ્રામ પંચાયતના સાથ-સહયોગ તાજેતરમાં લીગલ એઈડ ક્લીનીકનો શુભારંભ કરી કાર્યાન્વિત કરવામાં આવ્યા છે. વધુમાં રણાસણ તથા વાસણા ગામે લીગલ એઈડ ક્લીનીક ખાતે નામદાર સુપ્રિમ કોર્ટ ઓફ ઈન્ડીયા, ન્યુ દિલ્હી ખાતેથી 'એક ગામ-એક લીગલ એઈડ ક્લીનીકના ઉદ્‌ઘાટન કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરવામાં આવ્યું હતું.

આમ સમગ્ર જિલ્લામાં કુલ-૧૦ લીગલ એઈડ ક્લીનીક (મફત કાનૂની સહાય કેન્દ્ર) સંબંધિત ગ્રામ પંચાયત કચેરી ખાતે કાર્યરત કરવામાં આવેલ છે. જેમાં દર મહિનાના પહેલા તથા ત્રીજા રવિવારના રોજ વકીલ તથા પારા લીગલ વોલીન્ટીયર્સ હાજર રહી જરૂરીયાતમંદ વ્યક્તિઓને વિનામુલ્યે કાયદાકીય સલાહ તથા સેવા પુરી પાડવામાં આવશે.



## મોડાસાની સુરપુર ગ્રામ પંચાયતમાં ઉંધો ધ્વજ ફરકાવાતા વિવાદ

ભારત સ્વતંત્ર ભલે થયું પણ સ્વતંત્રતાના મુલ્યો તેની કિંમત આપણા અમુક નેતાઓ પચાવી શકયા નથી...! કે પછી જાણી જ શકયા નથી..! ગમે તેમ કરી સત્તા પર ચડી બેસતા નેતાઓને ધ્વજ ફરકાવવાનું પણ જ્ઞાન નથી. આવો જ કિસ્સો મોડાસા તાલુકાના સુરપુરમાં બન્યો હતો. પંચાયતના સત્તાવાળાઓએ ઉલ્ટો ધ્વજ ફરકાવ્યો હતો. બાદમાં પત્રકારો પહોંચી જતા તાત્કાલિક નીચે ઉતરાવ્યો હતો. આ બાબત સમગ્ર જિલ્લામાં ચર્ચાનું કેન્દ્ર બની છે અને તાત્કાલિક જિલ્લા કલેકટર પગલાં લે તેવી માંગ ઉઠી છે.

# સીપુ નદીમાંથી રોયલ્ટી ચોરતા વાહનો ઝડપાયા

દાંતીવાડા, તા. ૨૮

દાંતીવાડાના પાંથાવાડા ગુંદરી હાઈવે પરથી રોયલ્ટીની ચોરી કરતા ચાર ટ્રેક્ટર એક ટ્રક આમ ચાર વાહનો ડીટેન કરવામાં આવ્યા છે, અને પંચે વાહનોની કાયદેસરની કાવ્યવાહી હાથ ધરવામાં આવી છે.



(તસવીર : પ્રવિણ પટેલ, દાંતીવાડા)

ગત સોમવારના દિવસે રોજ સાંજે ચાર વાગ્યાની આજુબાજુના સમયે પાંથાવાડાથી ગુંદરી જતા હાઈવે પરથી માઈન્સ સુપરવાઈઝર અધિકારી આશિષ પટેલ અધિકારી ખાણ અને ખનીજ ખાતુ પાલનપુર જેઓએ ટ્રક નંબર જીજે-૮-ડબલ્યુ૪૦૪ ચાલક - સુરેશપુરી કાન્તિપુરી બાવા રહે. તાજપુર તાલુકો વડગામ માલિક ગણેશભાઈ પરથીભાઈ ચૌધરી રહે. પાલનપુર, ટ્રેક્ટર નંબર જીજે-૮જે૬૨૭૬ ચાલક-રાયમલજી ધનાજી માજીરાણા રહે જાત તાલુકો દાંતીવાડા માલિક મણીલાલ સોમાભાઈ પુરોહિત રહે. પાંથાવાડા તાલુકો દાંતીવાડા, ટ્રેક્ટર નંબર જીજે-૮એઈ-૫૮૭૫ ચાલક ભુરાભાઈ મોતીભાઈ પટેલ રહે વાઘોર તાલુકો દાંતીવાડા જેઓ પોતે માલિક છે, ટ્રેક્ટર પર નંબર લખેલ નથી જેના ચાલક કાન્તીભાઈ કલાભાઈ પટેલ રહે વાઘોર તાલુકો દાંતીવાડા જેઓ પણ પોતે માલિક છે, ટ્રેક્ટર મહેન્દ્ર નંબર લખેલ નથી. જેના ચાલક ગનેશભાઈ કેસાભાઈ કૂચાવાડીયા રહે. કુચાવાડા તાલુકો ડીસા માલિક અગરસિંહ સરદારસિંહ દરબાર રહે. મોટી મહુડી, તાલુકો દાંતીવાડા જે પાંચે વાહનો ડીટેન કરી ચાલકો તેમજ માલિકોની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

## બનાસકાંઠા સ્વામી વિવેકાનંદ મહિલા શક્તિ કેન્દ્ર દ્વારા ગરીબ દર્દીઓને ધાબળાનું વિતરણ કરાયું

પાલનપુર, તા. ૨૮

યુગપુરુષ સ્વામી વિવેકાનંદજીએ કહયું છે કે 'જે ધર્મ ગરીબોના આંસુ લુછી શકતો નથી તે ધર્મને હું માનતો નથી. દરીદ્ર નારાયણની સેવા એ જ પ્રભુસેવા છે.'

સ્વામી વિવેકાનંદજીના આ સંદેશનું અનુસરણ કરીને સ્વામી વિવેકાનંદ મહિલા શક્તિ કેન્દ્ર બનાસકાંઠાના ચેરમેન પૂ. નિર્મલપુરીજીની આગેવાનીમાં પાલનપુર અને ડીસાની સિવિલ હોસ્પિટલમાં મંડળના યુવાન બહેનો અને ભાઈઓએ રૂબરૂ પહોંચીને દર્દીઓને કડકડતી ઠંડીમાં ગરમ ધાબળાઓનું વિતરણ કર્યું હતું. ડીસા અને પાલનપુર સિવિલ બાદ જિલ્લાની અન્ય સી.એચ.સી. હોસ્પિટલમાં વિતરણ કરાયું હતું.

## મોડાસાની મદની હાઈસ્કૂલમાં પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરાઈ

મોડાસા, તા. ૨૮

મોડાસાની એમ.આર.ટી.સી. મદની હાઈસ્કૂલમાં ૬૫માં પ્રજાસત્તાક દિનની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

મુસ્લિમ એજયુકેશન ટ્રસ્ટના સ્પોર્ટસ એન્ડ એન્વાયરમેન્ટ કમિટીના ચેરમેન તથા મોડાસા ન.પા.ના કાઉન્સિલર સિકંદરભાઈ સુથારના વરદ હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું.

મોડાસા રોડ ટ્રાન્ટસપોર્ટ કો.ઓ. સો. દ્વારા પ્રમુખ અબ્દુલ રજનીક ટીંટોઈયા તથા મહમદશફી કાંકરોલીયાના વરદ હસ્તે મદની પ્રાથમિક શાળાને એલ.ઈ.ડી. ટીવી અર્પણ કરવામાં આવ્યું હતું.

મુસ્લિમ એજયુકેશન ટ્રસ્ટના પ્રમુખ સબ્બીર હુસેન ખાનજી દ્વારા શાંતિ દૂત પારેવાને ઉડાડીને સ્પોર્ટ ડેને ખુલ્લો મુકાયો હતો. જયારે રાષ્ટ્રીય પર્વની ઉજવણી માર્ચ પાસ્ટ, પિરામીડ, દેશ ભકિત ગીતો અને વકતવ્ય દ્વારા કરવામાં આવી હતી. જેમાં શાળાના શિક્ષકો એસ.એન. વ્હોરા, એમ.એ. દાદુ તથા એસ.આર. ખાંટ એ મહત્વની ભૂમિકા ભજવી હતી.

આ પ્રસંગે સલીમ ખોખર, સુલ્તાન મલિક, ઉમર પટ્ટીવાલા, આબિદ હુસેન બેલીમ વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતાં.





(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

## ડીસાની રાજપુર પ્રાથમિક શાળા નં. ૧માં પ્રજાસત્તાક દિનની ઉજવણી

ડીસામાં રાજપુર ખાતે આવેલા પ્રા. શાળા નં.૧ માં ૨૬મી જાન્યુઆરી નિમિત્તે ધ્વજ વંદન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં શાળાના નાના ભુલકાઓ અનેક સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કર્યા હતા. આ પ્રસંગે ઉપસ્થિત મહેમાનો તથા ગ્રામનોએ કાર્યક્રમમાં ભાગ લેનાર બાળકોને રોકડ પુરસ્કાર આપીને પ્રોત્સાહીત કર્યા હતા. તેમજ શિક્ષકોએ પણ બાળકોને ઈનામ વિતરણ કર્યું હતું.

## પાલનપુર ફિલ્ડ રિપોટર્સના હોદ્દેદારો નિમાયા

### પ્રમુખ પદે વિનોદ સુંદેશા, મંત્રી પદે પ્રકાશ વ્યાસની વરણી

પાલનપુર, તા. ૨૮

માત્ર ફિલ્ડમાં કાર્યરત પ્રિન્ટ અને ઈલેકટ્રોનિક મીડિયાના જાગૃત પત્રકાર મિત્રોના સંગઠન 'ફિલ્ડ રિપોર્ટસ' પાલનપુરના નવ વર્ષના હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી. જેમાં પ્રમુખપદે વિનોદ સુંદેશા અને મહામંત્રી પદે પ્રકાશ વ્યાસની સર્વાનુમતે વરણી કરાઈ હતી. આ પ્રસંગે ફિલ્ડ રિપોટર્સ પાલનપુરના સ્થાપનાદિની પણ કેક કાપી ઉજવણી કરાઈ હતી.

ઉપરાંત ઉપપ્રમુખ તરીકે હસમુખ પટેલ, મહામંત્રી તરીકે પ્રકાશ વ્યાસ, મંત્રી તરીકે અક્ષર ચૌહાણ, ખજાનચી તરીકે રમેશ ડોડીયા, આંતરીક ઓડીટર તરીકે રતન સોગીયા, કાર્યાલય મંત્રી તરીકે ગીરીશ સોની, સહકાર્યાલય મંત્રી તરીકે અંકિત વ્યાસ, કારોબારી સદસ્ય તરીકે મોંઘજી ચૌધરી, સલાહકાર સમિતિના સભ્ય તરીકે પંકજ સોનેજી, લિતાબ કાદરી, મનુ ચાવડાની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

## રાધીવાડ પ્રાથમિક શાળાનું ગૌરવ

ખેડબ્રહ્મા, તા. ૨૮

૫૯મી નેશનલ સ્કૂલ ગેમ્સ ૨૦૧૩-૧૪માં અંડર-૧૪ યોગાસન સ્પર્ધામાં ગુજરાત રાજયની ટીમમાં રાધીવાડ પ્રાથમિક શાળાના ધો-૭ના વિદ્યાર્થીએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી શાળા અને ગામનું ગૌરવ વધાર્યું હતું.

પ્રાપ્ત માહિત અનુસાર ૫૯મી નેશનલ સ્કૂલ ગેમ્સ ૨૦૧૩-૧૪માં ખેડબ્રહ્માના રાધીવાડા પ્રાથમિક શાળાના ધોરણ:૭ના વિદ્યાર્થી સાવનસિંહ શિવસિંહ રહેવરની પસંદગી થઈ હતી.જે અંતર્ગત અમદાવાદના ખોખરા રમતગમત ખાતે યોજાયેલ અંડર-૧૪ ભાઈઓની યોગાસન સ્પર્ધામાં ઉત્કૃષ્ટ દેખાવ કર્યો હતો અને ગુજરાત રાજયને સમગ્ર ભારતમાં પ્રથમ નંબરે ગોલ્ડમેડલ અપાવી ગૌરવ વધાર્યુંહતું આ વિદ્યાર્થી અને તેમના કોચ મનહરસિંહ ખેરને શાળા પરીવાર ગ્રામજનો સી.આર.સી. ભૂપેન્દ્રભાઈ તથા બી.આર.સી. પિયુષ જોષી સહિત અધિકારીઓએ અભિનંદન પાઠવ્યા હતા.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેકટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન